


અમરેલી, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.Amreli / 69/12-14 Validup to 31/12/14

सत्यमेव जयते

AVADH TIMES DAILY

પાના ૮ કિંમત રૂા.૩-૦૦
તા.૨૫-૧-૨૦૧૫ રવિવાર

# અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર આવૃતિ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ : ૨૨૦૧૫૫ /૨૨૪૯૪૭
99096 11211
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,avadhtimes1@rediffmail.com, news@avadhtimes.net,





તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ, હેડપોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૭૧ મહા સુદ ૬ વર્ષ : ૧૯ અંક ૧૩૩


### ઘાતક સ્વાઇન ફલૂ અટકાવવા માટે તંત્ર દ્વારા આગોતરા પગલાઓ લેવાશે

# અમરેલીમાં મંગળવારે સ્વાઇન ફલૂના મુદ્દે વિડીયો કોન્ફરન્સ

## ઇન્ડીયન મેડીકલ એશોસિએશન અને જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા તકેદારીના પગલા

અમરેલી,કચ્છ અને જામનગરમાં હાહાકાર મચાવનારા સ્વાઈનફલુ હજુ સદનસીબે અમરેલીમાં દેખાયો નથી તેવા સંજોગોમાં સાવચેતીના પગલા રૂપે અમરેલી ખાતે તા.૨૭ને મંગળવારે

(અનુસંધાન પાનાનં.૭)

## જસાધારના સબ ડી.એફ.ઓ.તરીકે ચાર્જ સંભાળતા સી.પી.રાણપરીયા

ધારી,ધારી ગીર પુર્વ જસાધારના સબ ડી.એફ.ઓ. તરીકેનો ચાર્જ આર.એફ.ઓ. સી.પી.રાણપરીયએ સંભાળેલ છે. ડી.એફ.ઓ. અંશુમન શર્માએ તેમને સબ.ડી.એફ.ઓ.નો ચાર્જ સોંપેલ હોવાનુ હસમુખ દવેની યાદીમાં જણાવેલ છે.

## અવધ ટાઇમ્સ
### સોમવારે અંક પ્રસિધ્ધ થશે

પ્રજાસ ાાક પર્વને અનુલક્ષીને અવધ ટાઈમ્સ રવિવારે તા.૨૫મીના શરૂ રહેશે જેથી તા.૨૬-૧-૧૫ને સોમવારે અવધ ટાઈમ્સ પ્રસિધ્ધ થશે જેની સર્વે વાંચકમિત્રો, વિતરક મિત્રો, સર્વે વાંચક મિત્રો, એજન્ટભાઈઓ તથા પત્રકાર મિત્રોને નોંધ લેવા વિનંતી છે.

-વ્યવસ્થાપક

## બાબરામાં વગર ડ્રાઈવરે મેટાડોર દોડયું




બાબરામાં બસ સ્ટેન્ડ પાસે આજે એક મેટાડોર ડ્રાઈવર વગર ચાલતુ થયુ હતુ. અને એક ઝાડ સાથે અથડાઈ અટકી જતા જાનહાની અટકી હતી તે તસવીરમાં નજરે પડે છે.

## ધારીના વાવડાની સીમમાં વાયરમાં ફસાતા દિપડાનું મોત

મૃતદેહનો કબ્જો લઈ પી.એમ. કરાયુ

ડી.એફ.ઓ. શર્મા દ્વારા તપાસનો આદેશ

ધારી, ધારી ગીર પુર્વના બાવડા સીમમાં વિક્રમભાઈ રબારીકાના ખેતરમાં એક ૨ા થી ૩ વર્ષનો દિપડો વાયરમાં ફસાતા તેમનું મોત નિપજેલ જસાધારના આર.એફ.ઓ. બી.ટી.આયરને જાણ કરાતા મૃતદેહનો કબ્જો લઈ વેટરનરી ડો.વામજાએ પી.એમ. કરેલ. ડી.એફ.ઓ. અંશુમન શર્માએ તપાસ કરવી આદેશ કર્યાનું હસમુખ દવેની યાદીમાં જણાવેલ છે.

### ઉભા રહો, આ લગ્ન નહી થાય....

# અમરેલીના વિઠ્ઠલપુરથી બાબરાના વલારડી ગામે ગયેલી જાન લીલા તોરણે પાછી ફરી

## બંદોબસ્ત હેઠળ બાળલગ્ન પ્રતિબંધક અધિકારી શ્રી ત્રિવેદીની ટીમ ત્રાટકી શાળાના આચાર્યને બોલાવી જન્મ તારીખ કઢાવીને બાળ લગ્ન અટકાવ્યા

અમરેલી,

તા.૨૪-૧-૧૫ના વસંત પંચમીના પર્વ દીને લગ્નની સીઝનનો માહોલ છે.ત્યારે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી અમરેલી શ્રી પી.જે.ત્રિવેદીને એક એવા મતલબની ફરીયાદ મળેલ કે અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના વલારડી મુકામે નરોતમભાઈ ઉકાભાઈ પરમાર તેમની સગીર પુત્રના બાળ વિવાહ કરી રહેલ છે. અને તે માટે શ્રી ખોડાભાઈ ટાભાભાઈ ભાસ્કર રે.મુકામ વિઠ્ઠલપુર -ખંભાળીયાવાળા તેમના પુત્ર નરેશને પરણાવવા જાન લઈ પહોંચી ગયેલ છે.

આ માહીતી સળતા તુરત જ બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીશ્રી ત્રિવેદીએ આ મતલબની જાણ બાબરા પો.સ્ટેશનને કરી જરૂરી બંદોબસ્ત મેળવી તુરંત જ વલારડી મુકામે પહોચી ગયેલ અને આચાર્ય શ્રી વલારડી પ્રાથમિક શાળાને બોલાવી જન્મ તારીખની વિગત મેળવતા ખરેખર કન્યા સગીર વયની છે તેવી જાણકારી મળતા તુરંત જ લગ્ન સ્થળની મુલાકાત લઈ જાત તપાસ કરતા સગીર કન્યાના પિતા દ્વારા લગ્નનું આયોજન કરવામાં આવેલુ

(અનુસંધાન પાનાનં.૭)







S.S.C ધો ૧૦ માટે
MCQ
S.S.C બોર્ડ માટે MCQ પ્રશ્નોની પ્રેકટીસ માટેનો સોફ્ટવેર ઘરબેઠા VPP થી મેળવો ફક્ત રૂા.૨૫૦/-
Sai Infotech
Mo. 91572 44190
98981 82818



# અમરેલીમાં ૩૧મીએ ભવ્યાતિભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ

**અનાથ દીકરીઓના સાંસ્કૃતિક કાર્યક્રમમાં અમદાવાદના બિલ્ડર તથા વસાણી ફાઉન્ડેશનનાં ચેરમેન રવજીભાઇ વસાણી, ડાયમંડ કિંગ ચુનીભાઇ ગજેરા, અગ્રણી બિલ્ડર ગોપાલભાઇ વસ્તરપરા તથા પટેલ બોર્ડિંગના ચેરમેન શ્રી દિલીપભાઇ સંઘાણી અને ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહેશે : દિપપ્રાગટય ગીતાબેન રામાયણી તથા પ.પૂ.કાકાસાહેબ કરશે : આયોજન સમિતિનાં શ્રી જીતુભાઇ ડેર, શ્રી દિનેશભાઇ બાંભરોલિયા, પ્રા.હરેશ બાવીશી, શ્રી રાજેશ માંગરોળિયા, શ્રી જિજ્ઞેશ રામાણી દ્વારા તડામાર તૈયારી**



અમરેલી,

અમરેલ મધ્યસ્થ સહકારી બેન્ક લી. અમરેલીના એમડી તથા સેવા ટ્રસ્ટના પ્રમુખ શ્રી ચંદુભાઇ સંઘાણીનાં જન્મદિનની પૂર્વ સંધ્યાએ તા.૩૧-૧-૨૦૧૫ના શનિવારના રાત્રિનાં ૮-કલાકે સુખનાથ મંદિર ચોક ખાતે અમરેલીની મહિલા વિકાસ ગ્રહ અમરેલીમાં રહેતી, અનાથ દિકરીઓ દ્વારા ભવ્ય રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ ચંદુભાઇ સંઘાણીનાં જન્મદિન ઉજવણી સંકલ્પ સમિતિ દ્વારા આથ દિકરીઓના લાભાર્થેરાખેલ છે. જે કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને અમદાવાદના જાણીતા બિલ્ડર તથા આરી વસાણી ફાઉન્ડેશનના ચેરમેન શ્રી રવજીભાઇ વસાણી ઉપસ્થિત રહેશે.તથા પ્રેરક સ્થાને સુરતની ગજેરા વિદ્યાપીઠના મેને.ટ્રસ્ટી તથા લક્ષ્મી ડાયમંડ કંપની સુરતનાં એમડી એવા ડાયમંડ કિંગ ચુનીભાઇ ગજેરા તથા ખોડલધામ ટ્રસ્ટકાગવડના ટ્રસ્ટી અને મુખ્યદાતા એવા ક્રિષ્ના કોર્પોરેશનના માલિક ગોપાલભાઇ વસ્તરપરા (ચમારડીવાળા) તથા રાજસ્વી રત્ન અને પટેલ વિદ્યાર્થી આશ્રમના ચેરમેન દિલીપભાઇ સંઘાણી ખાસ ઉપસ્થિત રહીને અનાથ દિકરીઓ દ્વારા રજુ થનાર કૃતિને નિહાળશે.

શ્રી જીતુભાઇ ડેર, દિનેશભાઇ બાંભરોલિયા, પ્રા.હરેશ બાવીશી, જીજ્ઞેશ રામાણી, કાંતિભાઇ વઘાસિયા તથા રાજેશ માગરોળિયાના માર્ગદર્શન હેઠળ આયોજિત કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી વીવી વઘાસિયા, નલિનભાઇ કોટડીયા, શરદભાઇ લાખાણી, પીપી સોજીત્રા, અશ્વિનભાઇ સાવલિયા, કાળુભાઇ પાનસુરીયા, ભુપતભાઇ મેતલીયા, ચતુરભાઇ ખુંટ, કાળુભાઇ ભંડેરી મુખ્ય મહેમાન તરીકે સ્થાન શોભાવશે.

અનાથ દિકરીઓના લાભાર્થે તેમના એક દિવસના ભોજન તથા નિભાવખર્ચ પેટે સ્વૈચ્છિક દાતાઓ પાસેથી રૂા.૫૦૦૦/- સહયોગ લેવાનું સંકલ્પ સમિતિ દ્વારા કલ્યાણકારી કાર્ય કરવાના આશયે અનાથ દિકરીઓના નિભાવ ખર્ચ પેટે એક વર્ષનાં રૂા.૧૮,૨૫૦૦૦/- ફંડ એકઠુ કરી સહાય કરવાનું આયોજન સમિતિ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે, ત્યારે અમરેલી નગર તથા જિલ્લામાંથી અનાથ દિકરીઓના ભોજન ખર્ચ પેટેના એક દિવસના રૂા.૫૦૦૦/- સહયોગ આપી દાનની સરવાણી ચાલુ થઇ ગઇ છે. ત્યારે જે કોઇ સેવાભાવી સંસ્થા, નાગરિક કંપની કે મંડળે આ અનાથ દિકરીઓની સહાય પેટે રૂા.૫૦૦૦/- નોંધવવાની ઇચ્છ હોય તેમણે મધ્યસ્થ સહકારી બેન્ક અમરેલી મુકામે ધાર્મિકભાઇ રામાણી તથા બોમ્બે માર્કેટ સામે સારથિ મેડિકલ મુકામે પીસી કથિરીયાનો સંપર્ક કરી દાન નોંધાવવાની આગવી વ્યવસ્થા કરવામાં આવી છે.

અનાથ દિકરીઓના લાભાર્થે જ તથા અનાથ દિકરીઓ દ્વારા પ્રસ્તુત થનાર કલાકૃતિઓની સાથે સાથે ઉપસ્થિત મહેમાનો તથા અમરવલ્લી નગરનાં સંસ્કૃતિપ્રેમી નાગરિકોને માટે પ્રાચીન, અર્વાચીન ગરબા, ભાઇઓનો મણિયારો રાસ, નાટક, કૃતિઓ દ્વારા સમગ્ર કાર્યક્રમ રંગારંગ રીતે ઉજવવામાં આવશે. સંકલ્પ સમિતિ દ્વારા લેવાયેલ શુભસંકલ્પને સમર્થન આપવા અમરેલીની તમામ જ્ઞાતિનાં પ્રમુખશ્રીઓ, આગેવાનો પદાધકારીશ્રીઓ, અગ્રણી, વેપારીઓ, રાજસ્વી પ્રતિભાઓ, સહકારી આગેવાનો તથા મોટી સંખ્યામાં કલાપ્રેમી મહેમાનો અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશ તથા કલાને દાદ દેશે. સંકલ્પ સમિતિ દ્વારા લેવાયેલ નર્ણિયને આવકારીને જિલ્લા યુવા ભાજપનાં પ્રમુખ ભગીવથભાઇ ત્રિવેદી, માર્કેટયાર્ડના ડિરેકટરશ્રી, ધીરૂભાઇ ગઢિયા, જિલ્લા ભાજપનાં મંત્રી, તુષારભાઇ જોષી, ઋજુલભાઇ ગોંડલિયા, ધાર્મિક રામાણી વગેરે તથા સમગ્ર ટીમ દ્વારા કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

# સાવરકુંડલામાં એમ્બ્યુલન્સ લોકાર્પણ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલામા સ્વામી નિદોર્ષાનંદ સરસ્વતી મહારાજના આશ્રમ સાનિધ્યે સાવરકુંડલામાં ગુરૂજીના હસ્તે એમ્બ્યુલન્સનું લોકાર્પણ કયુર હતુ. આ એમ્બ્યુલન્સ બટુકભાઇ વિરાણી બાઢડાવાળા તરફથી ભેટ આપેલ છે ઉમરાળા તાલુકાના ટીંબી સ્વામી નિદોર્ષાનંદ માનવસેવા ટ્રસ્ટ સંચાલીત ટ્રસ્ટમાં દર્દીઓ માટે સેવા અપાશે ૨૫ નર્સનો, ડોકટરોનો સ્ટાફ છે. ૪ લાખથી વધુ દર્દીઓનેસારવાર અપાયેલ છે બીજી તરફ સૌરાષ્ટ્રમાં એક ધાર્મિક કેન્દ્ર છે સેવકો દર્શનાથે ઉમટી પડયા હતા. તે પ્રસંગની તસવીર.

# નવસારી કૃષિ યુનિવર્સિટીનાં શ્રી સી.કે.ટીંબડીયાને અમદાવાદ ખાતે કૃષિરત્ન એવોર્ડ એનાયત કરાયો



નવસારી,

પાટીદાર સમાજ (ગુજરાત પ્રદેશ) અમદાવાદ દ્વારા પાટીદાર સંમેલનનું આયોજન થયેલ જેમાં જુદા જુદા ક્ષેત્રોમાં આપેલ વિશિષ્ટ પ્રોગ્રામ બદલ જુદા જુદા એવોર્ડ પૈકી ડો.સી.કે.ટીંબડીયા પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર નવસારી કૃષિવિજ્ઞાન કેન્દ્ર નવસારી કૃષિ યુનિવર્સિટીને આપેલા યોગદાન બદલ મહંતશ્રી દેવપ્રસાદજીએ એનાયત કર્યો હતો.

# અમરેલીમાં જિલ્લા સૌરાષ્ટ્ર વિકાસ પરિષદની બેઠક મળી

**૨૬મીએ રાજકોટમાં પ્રજાકીય ધ્વજવંદન કાર્યક્રમ જાહેર કરાયો**

અમરેલી,

અમરેલીમાં જિલ્લા સૌરાષ્ટ્ર વિકાસ પરિષદની બેઠક મળી હતી.

તા.૨૧-૧-૧૫ના રોજ અમરેલી જિલ્લા સૌરાષ્ટ્ર વિકાસ પરિષદની બેઠક સૌરાષ્ટ્રના પ્રમુખ શ્રી દિનેશભાઇ વિઠ્ઠલાણીના અધ્યક્ષતામાં યોજાઇ ગઇ. જિલ્લાના પ્રમુખ શ્રી ભીખુભાઇ અગ્રાવતે પધારેલા મહેમાનોનું શાબ્દીક સ્વાગત તથા પરિષદની થયેલ કામગીરી વિશે માહિતી આપી તેમજ આગામી ૨૬મી જાન્યુઆરી રાજકોટ ખાતે ત્રિકોણબાગમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહે તે માટે આયોજન વિચારવામાં આવ્યું.શ્રી દિનેશભાઇ વિઠ્ઠલાણીએ બ્રોડગેજ રેલ્વે, મિઠાના કર માફી, ઢસા જેતલસર રેલ્વે લાઇન, એઇમ્સ હોસ્પિટલ વગેરે બાબતોની ચર્ચા કરી તેમણે અખબારો, તંત્રીઓ, સ્ટીલ મીડીયા તેમજ દરેક સ્વૈચ્છિક સેવાભાવી સંગઠનોને નમ્ર નિવેદન કરેલ કે એઇમ્સ હોસ્પિટલ રાજકોટ ખાતે આવે તે માટે લોકોમાં જાગૃતિ આવે તેવા પ્રયત્નો કરવા, દરેક સંસદ સભ્ય તથા ધારાસભ્ય આ માટે પોતે અંગત રસ લે અને સૌરાષ્ટ્રની મોટામા મોટી સેવા કરે તેમ જણાવ્યું સ્થાનિક પ્રશ્નોમાં વરસડા રોડ પર આવેલ રેલ્વે ફાટક ત્યાના રહેવાસીઓ, શૈક્ષણિક સંસ્થા તથા મુસાફરો ત્યાંથી પસાર થતા લોકો ભયંકર હાલાકી ભોગવી રહ્યા છે તેને મોટુ કરવુ અથવા અન્ય રીતે ટ્રાફિક સમસ્યા ઉકેલાય તે ખુબ જ જરૂરી છે ફાટક ખૂલ્યા પછી ૪૫ મીનીટ જેટલો સમય બગડે છે તેમજ પેટ્રોલ ડિઝલનો વ્યય થાય છે. ઇમરજન્સી મેડિકલની જરૂરીયાતવાળા લોકો પણ ખુબ જ પરેશાન થાય છે. મહુવા ભાવનગર ટ્રેન સવારે એકવાર જાય છે જો સાંજે ભાવનગરથી મહુવા ટ્રેન શરૂ કરવામાં આવે તો લોકોની સુવિધામાં વધારો થાય. પેટ્રોલ ડિઝલના ભાવમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખુબ જ ઘટાડો થયો છતાં મોંઘવારીમાં ઘટાડો થયો નથી. તેમજ સરકારી કચેરીઓમાં કામકાજ માટે ખુબ ધક્કા ખાવા પડે છે, વગેરે બાબતોની ચર્ચા કરવામાં આવી બેઠકની આભારવિધી મહામંત્રી શ્રી મુકેશભાઇ જાનીએ કરેલ. શ્ર દિલશાદભાઇ શેખ, શ્રી બીપીનભાઇ જોષી, શ્રી નરેશભાઇ અધ્યારૂ, શ્રી મગનલાલ સોલંકી એડવોકેટ, શ્રી કાચા, શ્રી જોષી તેમજ તાલુકા પ્રમુખો મંત્રીઓએ બહોળા પ્રમાણમાં હાજરી આપેલ.

# જરખિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો




અમરેલી,પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જરખિયા ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.મકવાણાના માર્ગદર્શન હેઠળ ડો.ચંદ્રેશ પી.બેલડિયા તથા વૈધ શીતલબેન આર રાઠોડ દ્વારા તા.૨૨-૧-ના રોજ બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો જેમાં અમરેલી રેડક્રોસ તથા પ્રા.આ.કેન્દ્ર જરખિયાના સ્ટાફ તથા હાઇસ્કૂલના સ્ટાફના સહકારથી કેમ્પ સફળ થયો હતો.

# ચિતલના જસવંતગઢમાં પોલિયો ઝુંબેશ યોજાઇ

**શ્રીમતી રંજનબેન ડાભીના હસ્તે બુથનું ઉદઘાટન : આંગણવાડી બહેનોની ઉપસ્થિતિ**

ચિતલ,

ચિતલના જસવંતગઢમાં પોલિયો ઝુંબેશ યોજાઇ હતી. ચિતલના જસવંતગઢમાં પોલિયો ઝુંબેશ અંતર્ગત સબસેન્ટર ખાતે બુથનું ઉદઘાટન જિલ્લા ભાજપ મંત્રી શ્રીમતી રંજનબેન ડાભીના હસ્તે કરવામાં આવ્યું હતુ. જેમાં શ્રી રંજનબેને બાળકોને પોલિયોના ટીપા પીવડાવ્યા હતા આ કાર્યક્રમમાં મેડિકલ ઓફિસર હેતલબેન કુબાવત, હર્ષાબેન અને આરોગ્ય સ્ટાફ આશાવર્કર, ગીતાબેન ડાભી, કોમલબેન, જયોતિબેન વગેરેએ સેવા આપી હતી. નાના બાળકોને હોંશે હોંશે બાળકોને બુથ ઉપર લાવી પોલિયો ટીપા પીવડાવ્યા હતા.

# જૂનાગઢ જિલ્લા પંચાયતની બેઠકમાં વિવિધ સમિતિઓની રચના કરાઇ

**જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શાંતાબેન ખટાટીયાએ બેઠક બોલાવી**

જૂનાગઢ,

જૂનાગઢ જિલ્લાનું વિભાજન કરી ગીર સોમનાથ જિલ્લો અમલમાં આવતા જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાયેલા તે મુજબ સમિતિની રચના માટે સાધારણ સભા બોલાવી હતી જેમાં જિલ્લા ભાજપ સંગઠન દ્વારા પ્રમુખ શ્રી કનુભાઇ, મહામંત્રી વિનુભાઇ કથીરીયા, ભગવાનજીભાઇ કરગઠીયા, અતુલભાઇ ઘોડાદ્રા દ્વારા રજુ થયેલ મેન્ડેડ મુજબ સર્વાનુમતે સમિતિઓની રચના કરવામાં આવેલ છે જેમાં કારોબારી સમિતિમાં વૃજલાલ જીવાભાઇ પરમાર, વિજયસિંહ નાથાભાઇ પરમાર, શાંતાબેન દિનેશભાઇ ખટાટીયા, હરીભાઇ સામતભાઇ મગરા, સુમીતાબેન ભુપતભાઇ, અને આરોગ્ય સમિતિમાં વાલજીભાઇ ગોરધનભાઇ ફળદુ, નંદુબેન મનજીભાઇ ભંડેરી, દેવાભાઇ પુંજાભાઇ માલમ, રતિભાઇ હરીભાઇ સાવલિયા અને શિક્ષણ સમિતિમાં હરેશભાઇ બાબાભાઇ ઠુંમર, રમેશભાઇ નરસીભાઇ સોજીત્રા, વિજયસિંહ નાથાભાઇ પરમાર, રાવભાઇ વકમાભાઇ સીસોદીયા, હીરેનભાઇ દેવાણંદભાઇ સોલકી, વૃજલાલ જીવાભાઇ હીરપરા, દિનેશભાઇ મંગાભાઇ પરમાર, જયકુમાર દિનેશભાઇ ત્રિવેદી અને ખેત ઉત્પાદન સિંચા સમિતિમાં દેવાભાઇ પુંજાભાઇ માલમ, સુજલતાબેન જીવાભાઇ ભાયાણી, નંદુબેન મનજીભાઇ ભંડેરી, રાણભાઇ સામતભાઇ રાઠોડ અને સામાજિક ન્યાય સમિતિમાં રાણભાઇ સામતભાઇ રાઠોડ, હરિભાઇ સામતભાઇ મગરા, વિજયાબેન પ્રવીણભાઇ મકવાણા, રમેશભાઇ ભનુભાઇ સોલંકી અને બાંધકામ સમિતિમાં રાવતભાઇ વકમાભાઇ સીસોદીયા, રમેશભાઇ નરસીભાઇ સોજીત્રા, હરેશભાઇ બાવાભાઇ ઠુંમર, વાલજીભાઇ સીસોદીયા, ગોરધનભાઇ ફળદુ અને અપીલ સમિતિમાં શાંતાબેન દિનેશભાઇ ખટટીયા, હિરેનભાઇ દેવાણંદભાઇ સોલંકી, રતિભાઇ હરીભાઇ સાવલિયાની વરણી કરવામાં આવી છે તેમ જણાવ્યું છે.

## અમરેલીનાં જાની પરિવારમાં શુભલગ્નોત્સવ

**ચિ.આરતી** — **ચિ.યોગેશ**

અમરેલી નિવાસી અ.સો.જયશ્રીબેન દેવેન્દ્રભાઇ જાનીની સુપુત્રી ચિ.આરતીના શુભલગ્ન રાજકોટ નિવાસી અ.સો. રેખાબેન રમેશભાઇ ભટ્ટના સુપુત્ર ચિ.યોગેશ સાથે તા.૨૬-૧-૧૫ના રોજ નિર્ધાર્યા છે.

# વડિયામાં ભારત સરકારના પ્રસાર મંત્રાલય દ્વારા ક્ષેત્રીય પ્રચાર કાર્યક્રમ યોજાયો



તસવીર-જીતેશગીરી ગોસાઇ-વડિયા

વડિયા,ક્ષેત્રીય પ્રચાર કાર્યાલય ભાવનગર દ્વારા આયોજિત વિશેષ જનસંપર્ક કાર્યક્રમ વડિયામાં યોજાયો જેમાં વડિયાની મૂખ્ય બજારોમાં જનજાગૃતિ રેલી નીકળી રેલીમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો ત્યારબાદ વડિયાની હાઇસ્કૂલ ખાતે કાર્યક્રમ રાખેલ જેમાં ભારત સરકારના વિવિધ અભિયાન તેમજ યોજનાઓ જેવા કે સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત અભિયાન બેટી બચાવો બેટી ભણાવો અને પ્રધાનમંત્રી જનધન યોના અંગે લોકોમાં જાગૃતી ફેલાઇ તેમજ વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ વડિયા શહેર તેમજ તાલુકામાં પ્લાસ્ટીકનો અને ચાના કપનો ઉપયોગ ન કરવા અપીલ કરેલ આ તકે સુચના અને પ્રસારણ મંત્રાલય ભારત સરકારનાં અધિકારી દેવેન્દ્ર ત્રિવેદી, ટીડીઓશ્રી વડિયા મામલતદાર બીએસ મહેતા, વડિયા સરપંચ વિપુલ રાંક આંગણવાડી સીડીપીઓ જશુબેન આશા વર્કર યાસ્મીનબેન તેમજ સ્કૂલ સ્ટાફ અને મોટી સંખ્યામાં બહેનો બાળકો અને વડિલો ઉપસ્થિત રહેલ.






सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
અમરેલી તા.૨૫-૧-૨૦૧૫ રવિવાર
પાના નં ૬






*ગુજરાત રાજય અનુજાતિ વિકાસ કોર્પોરેશનના ડીરેકટર પદે વરણી થતા*

# બગસરામાં શ્રી માધડનો અભિવાદન કાર્યક્રમ યોજાયો

**બગસરા તાલુકા દલિત અભિવાદન સમિતી દ્વારા ભવ્ય આયોજન કરાયું**

**બગસરા તાલુકાનાં દલિત સમાજનો સહર્ષ ભારે આવકાર : ખુશીનો માહોલ છવાયો**

**કોર્પોરેશનનાં ડીરેકટર શ્રી પ્રેમજીભાઇ માધડ ઉપર અભિનંદનનો ધોધ વહયો**

**બગસરાનાં ભાજપ અગ્રણીઓ, કાર્યક્રરો અને વિવિધ સાક્ષરોની ખાસ ઉપસ્થિતી**

**અભિવાદન કાર્યક્રમમાં અધિકારીઓ, પદાધિકારીઓની ઉપસ્થિતી : ભવ્ય સન્માન સાથે શ્રી પ્રેમજીભાઇ માધડને બિરદાવતા દલિત અભિવાદન સમિતીના આગેવાનો**



બગસરા,

ગુજરાત રાજય અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેટરનના ડીરેકટર પદે શ્રી પ્રેમજીભાઇ માધડની વરણી થતા બગસરામાં તાલુકા દલિત અભિવાદન સમિતી દ્વારા શ્રી માધડની વરણી થતા બગસરામાં તાલુકા દલિત અભિવાદન સમિતી દ્વારા શ્રી માધડનું અભિવાદન કરવામાં આવ્યુ હતુ. શ્રી પ્રેમજીભાઇ માધડની નિમણૂંકને બગસરા તાલુકા દલિત સમાજે સહર્ષ આવકારી બિરદાવ્યા હતા આ સમારોહમાં બગસરા શહેર ભાજપ પ્રમુખ મહેશભાઇ રંગાડીયા, અમરેલી જિલ્લા યુવા ભાજપ ઉપપ્રમુખ નિતેષભાઇ ડોડીયા, કવિશ્રી શિવજી રૂખડા, બધાભાઇ મયાત્રા, જીતુભાઇ બથવાર અને દરેક પક્ષના પદાધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.આ કાર્યક્રમમાં અભિવાદન સમિતીના શ્રી ગૌતમભાઇ રૂખડા, પ્રવિણભાઇ મયાત્રા, જીવાભાઇ દાફડા, બાબુભાઇ વાજક, અરવિંદભાઇ ચૌહાણ, હિંમતભાઇ સોલંકી નટુભાઇ બોરીસાગર, કરશનભાઇ મકવાણા, બાબુભાઇ વિગેરે મોમેન્ટો તેમજ શાલ ઓઢાડી સન્માનીત કર્યા હતા.આ કાર્યક્રમમાં સમાજ કલ્યાણ અધિકારી શ્રી સરવૈયા, નિગમના જિલ્લા મેનેજર શ્રી વિરાણી વિગેરેએ સરકારી યોજનાકીય માહીતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન સંજયભાઇ ખાંધલે કર્યુ હતુ.

# બર્બટાણામાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



રાજુલા,

રાજુલાનાં બર્બટાણામાં તા.૨૨-૧-૧૫ને ગુરુવારના રોજ ગ્રામ પંચાયત બર્બટાણાના સહયોગથી વી.જે.પારેખ જનરલ હોસ્પિટલ સાવરકુંડલા દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતુ. તે પ્રસંગે હોસ્પિટલનાં ડો.વિક્રમસિંહ જાદોન, ડો.જિનયભાઇ શર્મા તથા ડો.આશિષભાઇ ડોડીયા અને તેમની સાથે ધર્મેશભાઇ તથા આ કેમ્પના ઇન્ચાર્જ વસંતરાય ત્રિવેદી સહિતના સ્ટાફે હાજરી આપી હતી.આ કેમ્પમાં બર્બટાણા શાળાના શિક્ષક શ્રી સંજયભાઇ મગવાણા તથા કિરીટભાઇ વસાણી અને અશોકભાઇ પ્રજાપતિ અને શાળા સ્ટાફે ખુબ જ સહકાર આપેલ હતો તથા બર્બટાણાના સરપંચ શ્રી ભાવનાબેન ભોળાભાઇ હડિયા તથા ઉપસરપંચ શ્રી કનુભાઇ કામળિયા, તથા મંગળભાઇ સાર્દુળભાઇ હડિયાના સહકારી કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતુ તેમ ભોળાભાઇ વાળાની યાદી જણાવે છે.

# ગુજરાત પીપાવાવ પોર્ટ દ્વારા કર્મચારીઓ માટે સ્પોર્ટસ સપ્તાહ

**એકત્ર થનારા આર્થિક ભંડોળનો ઉપયોગ કન્યા શિક્ષણ અને આ વિસ્તારમાં સફાઇ પ્રોત્સાહન આપવા કરાશે**



અમરેલી,

એપીએમ ટર્મિનલ્સ દ્વારા સંચાલિત ગુજરાત પીપાવાવ પોર્ટના પોતાના કર્મચારીઓ માટે પોર્ટના સંકુલમાં રમત ગમત સ્પર્ધાનું આયોજન કરેલ છે આ સમગ્ર કાર્યક્રમ ૨૪ થી ૨૬ જાન્યુઆરી ત્રણ દિવસ સુધી ચાલશે અને તે ૨૬ જાન્યુઆરીના રોજ સંપન્ન થશે

ગુજરાજ પીપાવાવ પોર્ટ શૈક્ષણીક સુવિધાઓની ઉન્નતિ તેમજ પોર્ટામં તથા આસપાસના વિસ્તારના સફાઇ ઝુંબેશ હાથ ધરવામાં સક્રિયપણે પ્રવૃત રહયું છે પોર્ટનાં કર્મચારીઓ પહેલી વખત આગળ આવ્યા છે અને આસપાસનાં વિસ્તારનાં ટકાઉક્ષમ વિકાસ માટે પોતાનો ટેકો આપવા માટે આ કાર્યક્રમમાં ભાગ લેશે પોટ આ રમત ગમત દિનમાં ભાગ લેનાર પ્રત્યેક કર્મચારીઓ માટે રૂા.૨૦૦/- નું યોગદાન આપવાનો નિર્ણય કયોર છે આ દરમ્યાન યોજાનારી રમતોમા કબડી ખો ખો વોલીબોલ રનીંગ મેરેથોન વગેરેનો સમાવેશ થાય છે.કર્મચારીઓ પાસેથી કુલ રૂ.૫૦.૦૦૦/- ની રકમ એકત્ર કરાશે એકત્ર કરાયેલા ભંડોળમાંથી કસ્તુરબા ગાંધી બાલીકા વિધાલયને આઇ.ટી.ના આધાર વડે શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ૨૪ ઈંચનું એક એલસીડી ટીવી આપવામાં આવેલ અને રામપરા પ્રાથમીક શાળાને તેમની જરૂરીયાત મુજબની કચરાપેટી આપવામાં આવેલ.ખેલદિલી અને સામાજિક ઉતરદાયિત્વનાં જુસ્સાને ટેકો આપવા માટે આશરે ૩૦૦ કર્મચારીઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે ગુજરાત પીપાવાવ પોર્ટ કન્યા શિક્ષણ તથા આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશને પ્રોત્સાહન આપે તેવી ગતિવિધિમાં ભાગ લેવાનું ચાલુ રાખશે.પ્રથમ દિવસનાં દોડ સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે શ્રી એ.પી.એસ.ભાટીયા આસી. કમિશ્નર કસ્ટમ તથા શ્રી કનોજીયા બી.આર.સી.રાજુલા અને શ્રી કશ્રાબેન ડિસ્ટકટ કોઓડિનેટર જેન્ડર ખાસ ઉપસ્થિત રહયા હતા અને મુખ્ય મહેમાનોએ લલી ઝંડી બતાવી અને સ્પર્ધા ખુલા મુકી હતી અને વિજેતાઓને ઈનામ વિતરણ કરેલ.આ કાર્યક્રમને સફળ બનાવવા પોર્ટના વિવિટ વિભાગમાં વડાઓ અને ટીમ પીપાવાવની રમત ગમત સમિતિ જહેમત ઉઠાવી રહયા છે.

# ખાંભાનાં ડેડાણમાં સમસ્ત તળપદા કોળી સમાજ દ્વારા સમુહ લગ્નોત્સવ યોજાશે

**સાતમાં સમુહલગ્નોત્સવની તડામાર તૈયારી : આગેવાનોની ઉપસ્થિતિ**

રાજુલા,

ડેડાણમાં સમસ્ત તળપદા કોળી સમાજ દ્રારા સાતમો સમુહલગનોત્સવ યોજાશે.ખાંભાના ડેડાળ ગામે દર વર્ષેની જેમ આ વર્ષે પણ તળપદા કોળી સમાજના સાતમો સમુહલગ્ન સમારોહ યોજાશે તા.૨૯/૧/૨૦૧૫ ગુરૂવાર ના રોજ સ્થળ ભાગાભાઇ અરજણભાઇ મકવાણાની વાડીમાં લગ્ન સમારોહ યોજાશે જેમા અધ્યક્ષપદે પરશોતમભાઇ સોલંકી દીપપ્રાગટય ધારાસભ્ય હીરાભાઇ સોલંકી કરશે મુખ્ય મહેમાન તરીકે સાંસદ નારણભાઇ કાછડીયા સાંસદ ભારતીબેન શિયાળ ભુપતભાઇ ડાભી ધારાસભ્ય ભાવનાબેન મકવાણા કાળુભાઇ ડાભી દીવ્યેશભાઇ સોલંકી સહીત ઉપસ્થીત રહેશે તેમ યાદીમાં જણાવ્યું છે.

# મોટા માચિયાળા ૪૦૦ કેવીના કર્મચારી શ્રી આર.બી.દુદકીયાનું નિધન : ઘેરોશોક



અમરેલી,

મોટા માચિયાળા ૪૦૦ કેવીના કર્મચારી આર.બી.દુદકીયાનું નિધન થતા ઘેરોશોક વ્યાપી ગયો છે.

મોટા માચિયાળા ૪૦૦ કેવિ એસએસ(જેટકો)માં ૧૫ વર્ષની લાંબી સેવા આપી નિવૃત થયેલ સ્વ.આર.બી.દુદકીયા(સિનિયર એઝય.એન્જિનીયર)નું તા.૨૦-૧-૧૫ના રોજ ટુંકી બિમારી બાદ અવસાન થતા અમરેલી શહેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના કોળી ઠાકોર સમાજનાં અગ્રણીઓ અને સમાજની વિશાળ સંખ્યામાં વેલનાથ વાડી ગજેરાપરા ખાતે શોકસભા શ્રધ્ધાંજલી અંગે બેઠક મળેલ અને આ સમાજના તેમજ અમરેલી જિલ્લાના ગૌરવ સમા સ્વ.આર.બી.દુદકીયાની ફરજનિષ્ઠા, વફાદારી, પ્રમાણિકતા, નિષ્કલંક સેવા નિવૃત, બિનભ્રષ્ટ તરીકે અને સમાજના લોકો તરફથી સાંત્વના પાઠવવામાં આવેલ.

# અમરાપુર હાઈસ્કૂલનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

અમરેલી,અમરાપુર બીજે દોશી હાઈસ્કૂલનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો.શ્રી બીજે દોશી હાઈસ્કૂલ અમરાપુરના ધો.૯થી ૧૨ના વિદ્યાર્થીઓનો તા.૧૪-૧-૧૫થી ૧૮-૧-૧૫ ચાર દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો.જેમાં ઐતિહાસિક તેમજ ધાર્મિક સ્થળોની મુલાકાતથી બાળકોને ભારતીય સંસ્કૃતિની વિરાસત જાણવા મળેલ. આ પ્રવાસ બીએસ ભીમાણી અને બીજી ભેસાણીયાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. તેમ શાળાના આચાર્યશ્રી આરવી વિસાવળીયાની યાદીમાં જણાવેલ છે.

# અમરેલીમાં ગર્લ્સ ચાઇલ્ડ ડે નિમિતે રેલી યોજાઇ




અમરેલી,

બેટી બચાવો બેટી વધાવો તા.૨૪મી જાન્યુઆરીએ નેશનલ ગર્લ્સ ચાઇલ્ડ ડે અંતર્ગત અમરેલી જિલ્લા પંચાયત કચેરીની આરોગ્ય શાખા દ્વારા યોજવામાં આવેલ રેલી જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુજીતકુમારે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતુ. આ રેલીમાં આરોગ્ય કર્મચારીઓ અને મહિલાઓ વિશાળ સંખ્યામાં હાજર રહી હતી. આ તકે સિવિલ સર્જન ડો.શોભનાબેન મહેતા, મુખ્ય આરોગ્ય અધિ. ડો.કિરણ પટેલ, નાયબ માહિતી નિયામક શ્રી બીએસ, ડો.મોઢ, ડો.સિંઘ, મેલેરીયા અધિકારીશ્રી ઉપાધ્યાય તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
AVADH TIMES GROUP
સૌરાષ્ટ્ર આવૃત્તિ


## દામનગર શહેરમાં બે બાઈકો ધડાકા સાથે અથડાઈ પડતા આધેડ રેલ્વે કર્મચારીનું મોત

### ઘર બહાર બાઈક કાઢતા અકસ્માત સર્જાયો : માથામાં હેમરેજે જીવ લીધો

દામનગર,

દામનગરમાં રેલ્વે કર્મચારી



પોતાનું બાઈક ઘર બહાર કાઢતા સામેથી આવતા બાઈક હડફેટે લેતા તેમને માથામાં હેમરેજ થતા ઘટના સ્થળે મોત નિપજેલ.પ્રાપ્ત વિગત અનુસાર દામનગરમાં રેલ્વે કર્મચારી ભરતભાઈ ધનજીભાઈ મકવાણા ઉ.વ.૫૪ પોતાની બાઈક ઘર બહાર રોડે કાઢતા હતા ત્યારે હાવડતના મેહુલ નાજાભાઈ ડાંગર બાઈક નં.જી.જે.૧૬ પી.૩૦૫૭ પુરઝડપે ચલાવી ભરતભાઈના બાઈક સાથે અથડાવતા માથામાં ગંભીર ઈજા થતા હેમરેજ થવાથી ઘટના સ્થળે તેમનું મોત નિપજેલ હોવાનું દામનગર પોલીસમાં બાઈક ચાલક મેહુલ નાજા સામે મૃતકના દિકરા હરેશભાઈ મકવાણાએ ફરીયાદ નોંધાવતા બનાવની તપાસ એ.એસ.આઈ. પી.એમ.કાલાવડીયા ચલાવી રહયા છે.

## બાબરાના શીરવાણીયામાં સાડા ચાર લાખની ચોરી

### રોકડા ચાર લાખ, સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂા.૪,૩૮૦૦૦ની મતા ચોરાઇ ગઇ : નાની કુંડળના શકદારનું નામ અપાયું

અમરેલી,

બાબરા તાલુકાના શીરવાણીયા ગામે બંધ મકાનના તાળા તોડી અંદર રાખેલ કબાટ તોડી ગોદરડામાં રાખેલ રોકડ ચાર લાખ સોના ચાંદીના દાગીના મળી કુલ રૂા.૪,૩૮૦૦૦ની મતાની ચોરી ની ફરીયાદ

(અનુસંધાન પાનાનં.૭)

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
ટુંક સમયમાં બગસરા માં ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ અને આઇ.સી.યુ.નો શુભારંભ થાય છે તે માટે નર્સિંગ સ્ટાફ, ફાર્માસીસ્ટ, લેબ ટેકનીશીયનની જરૂરીયાત છે
(અનુભવીને પ્રાધાન્ય) બાયોડેટા સાથે સંપર્ક કરો
અથવા ઇમેઇલ :- mmefindia@gmail.com
સ્થળ :- મહાવીર કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ,બગસરા
ફોન નં. ૭૫૬૭૧ ૪૯૭૦૦



અમરેલી જિલ્લામાં નંબરવન બેન્ડ
ઓરીજનલ ઇબ્રાહીમ ભાઇનું
ઝનકાર બેન્ડ
ચાંદની ચોક, અમરેલી

શ્રીલોહાણા મેરેજ બ્યુરો અમરેલી
દર રવિવારે સાંજે ૫ થી ૭
આ સેવા વિનામુલ્યે છે. પુષ્કળ બાયોડેટા મળશે. અમદાવાદ સમાજના નિઃશુલ્ક બ્યુરો સાથે જોડાવા મળો.
સ્થળ:- લોહાણા ગેસ્ટ હાઉસ, જલારામ મંદિર લીલીયા રોડ, અમરેલી
સંપર્ક:- મો.૯૮૭૯૩૪૮૭૯૮/૯૪૨૮૪૯૮૩૯૪

॥ શ્રી વલ્લભ ॥
એક મિનીટ પ્લીઝ....
+ રૂા.૫૦ લાખનો જીવન વીમો..
+ રૂા. ૫૦ લાખનો એક્સીડેન્ટલ વીમો..
+ રૂા.૪ લાખ નો હેલ્થ મેડિકલેમ...
+ ૬૦ વર્ષથી તમારૂ આજીવન પેન્શન
આ બધુ જ માત્ર રૂા.૧૯૩ પ્રતિ દિવસના રોકાણ થી મેળવો
N.J. સિક્યોરીટીઝ
Since -1988
નોંધઃ ભારતના ફાર્મા સેકટરના ગ્રોથમાં ભાગીદાર બનો ૨૦૧૭ માં ૩૨% વિકાસ નો લાભ મેળવો.

સર્વો વડીલો સ્નેહીઓ મિત્રો ને સ્વતંત્રતાપર્વની શુભકામનાઓ
અમરેલી શહેરમાં એકમાત્ર ઓથોરાઇઝ ફેન્ચાઇઝી
Limbu
SODA
ICE CREAM
THICKSHAKE
અહી આપને મળશે સોડા, આઇસ્ક્રીમ તથા થીકશેક ની વિશાળ રેંજ
આઇસ્ક્રીમ ની સ્પે. વેરાયટીઓ
નાળીયેર - તુલશી એન્ડ હની - આદુ - મરચા ગુલકંદ ગાજર
તરબુચ - લીંબુ - કોથમીર - રોઝ એન્ડ કેશ્યુ, સ્પે.સુગર ફ્રી
હળદર - મીક્ષ ફ્રુટ ઠંડાઇ - મેંગો - સીતાફળ - પાયનેપલ -
ચીકુ - જાંબુ - જામફળ - વરીયાળી ફ્લેવર સોડા થીક શેઇક
મોટા બસ સ્ટેન્ડની સામે, કિષ્ના ટ્રાવેલ્સની બાજુમાં અમરેલી



અમરવલ્લીની જનતા માટે અમારૂ નવુ નજરાણુ
સોના ચાંદીના દાગીનાનો ભવ્ય અદ્યતન જવેલરી શો રૂમ
શંકરરાવ પાંડુરંગ
રેગ્યુલર પહેરવા કે દિકરાની વહુ માટે કે પછી દિકરીના કરીયાવર માટે આપને અમારે ત્યાં મળશે....
એકથી એક ચડીયાતી આકર્ષક અને ફેન્સી ડિઝાઇનમાં સોના ચાંદીની જવેલરી
ચાંદીની જવેલરી રીટેલ તથા હોલસેલ પણ મળશે
શંકરરાવ પાંડુરંગ
ટાવર પાસે મહાત્મા મુળદાસબાપુની ગલીમાં અમરેલી.

પ્લેટીનમ ઓર્નામેન્ટ
સૌ પ્રથમવાર પ્લેટીનમ દાગીનાની વિશાળ રેંજ અમરેલીમાં
જેમાં ચેન, લકી, બ્રેસલેટ, કડા
જેન્ટસ લેડીઝ વીટી, લગડી અને સીક્કા
હાજરમાં ઉપલબ્ધ
નહી મજુરી વધારે કે નહી ભાવ વધારે છતા હોલમાર્ક આભુષણો
એકજ સ્થળ
નિલકંઠ જ્વેલર્સ લાઠી વાળા
માણેકપરા, હોટલ એંજલ નીચે, અમરેલી
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭






રિલાયન્સ પંપ પર મેળવો
મફત ઇંધણ
રિલાયન્સ, લોકલાગણીને માન આપીને આકર્ષક ઓફર સાથે પાછી આવી છે, જેમાં તમને તાત્કાલીક ફ્રી* ફયુઅલ જીતવાનો મોકો મળશે.
તમે રિલાયન્સ પંપમાં જેટલી વાર ફયુઅલ ભરાવો છો તેટલી વાર તમને ફ્રી ફયુઅલ મળશે. તમે જેટલુ વધુ ભરાવશો તેટલું વધુ ફ્રી ઇંધણ મેળવશો.
તો ફરી એક વાર ખાતરીદાયક ગુણવતા, માત્રા અને ઉત્કૃષ્ટ સેવા અનુભવવા માટે તમારા નજીકના રિલાયન્સ પંપ પર મુલાકાત કરી આવો.
જલ્દી કરોઃ આજે જ રિલાયન્સ પંપ ખાતે ટાંકી ભરાવી લો અને મેળવો ફ્રી* ફયુઅલનો પુરસ્કાર.
રિલાયન્સ પેટ્રોલ પંપ - અમરેલી
લાઠી રોડ, બાયપાસ પાસે અમરેલી મો. ૯૨૨૮૦ ૧૦૫૧૮
રાજુલા - મો.૯૨૨૮૦ ૧૦૫૪૯
બાબરા - (૦૨૭૯૧) ૨૩૩૬૫૫
ચલાલા - મો.૯૪૨૬૧ ૨૬૫૦૩
લીલીયા - મો.૯૪૨૭૨ ૬૪૭૩૦
દામનગર - મો.૯૩૭૪૬ ૩૨૭૦૦
Reliance

હાર્દિક અભિનંદન



શશીભાઈ એચ.રાજયગુરૂ
બી.આર.સી.જાફરાબાદ
અમરેલી જિલ્લા પ્રાથમીક શિક્ષક સંઘના ઉપપ્રમુખ તરીકે આપશ્રીની નિયુક્તી થતા અમો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ
શ્રી નલીનભાઈ કોટડીયા
ધારાસભ્યશ્રી ધારી-બગસરા-ખાંભા
શ્રી રમેશભાઈ સાવલીયા
સદસ્યશ્રી જીલ્લા પંચાયત અમરેલી
શ્રી અશ્વીનભાઈ પેથાણી
કારોબારી સદસ્ય જીલ્લા ભાજપ

નવજીવન જનરલ હોસ્પિટલ
મેડીસીન વિભાગ
ઓર્થોપેડીક વિભાગ
ગાયનેક વિભાગ
પિડીયાટ્રીક વિભાગ
યોરોલોજી વિભાગ
ડેન્ટલ વિભાગ
નોંધ : નર્સીંગ સ્ટાફ જોઇએ છે